સુવિચાર : પોતાની જાત સાથે જે હસી શકે છે... તેની સામે કે પાછળ બીજા કોઈ હસતા નથી... - ટોમ બુક્સ

તાપમાન
મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૧૧ | ૨૨ જાન્યુઆરી, ૨૦૧૬, શુક્રવાર ; પોષ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- પાકિસ્તાનની પોલ ખુલી : કુખ્યાત સલાહુદ્દીન ફરી જાહેરમાં દેખાયો
- હવે ભારતીય સેના પાંચમા નંબારની શક્તિશાળી સેના
- પાકિસ્તાને ૧૩૦થી વધારે પરમાણુ બોંબ બનાવ્યા છે : અહેવાલ
- પઠાણકોટ એટેક મામલે સાલવિન્દરના નિવાસસ્થાને દરોડા
- નોકરીને વધારવા એક્સાઇઝ ડ્યુટી હળવી કરવા રજૂઆત
- ચાર દલિત વિદ્યાર્થીઓના સસ્પેન્શન અંતે દૂર કરાયા
- આગામી વર્ષથી તેજસ વિમાનનું નિર્માણ થશે
- સલમાન-શાહરુખ મામલામાં આજે દિલ્હી કોર્ટમાં સુનાવણી

# પેટ્રોલ-ડીઝલ અને ટેલિકોમ સેવા મોંઘી બનશે

**વધારે સંશાધનો અને નાણાં ઉભા કરવા મોદી સરકારની તૈયારી : તમામ કરપાત્ર સર્વિસ ઉપર વધુ ૦.૫ ટકા સ્વચ્છ ભારત સેસ લાગૂ કરવાની પણ તૈયારી : બજેટમાં જાહેરાત થઇ શકે છે : સર્વિસ ટેક્સમાં વધારો કરાશે**

નવી દિલ્હી,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર આગામી દિવસોમાં વધુ કેટલાક પગલા લેવા જઈ રહી છે. આ પગલાઓની બજેટમાં જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. નાણામંત્રી અરુણ જેટલી ટૂંક સમયમાં જ સર્વિસ ટેક્સમાં ૦.૫ ટકાનો વધારો કરી શકે છે જ્યારે પેટ્રોલ, ડીઝલ અને ટેલિકોમ સર્વિસ ઉપર ૦.૫ ટકા સેસ લાગૂ કરવાની પણ હિલચાલ ચાલી રહી છે. આ ઉપરાંત મિનરલ જનરેશન પ્લાન્ટ દ્વારા સર્જવામાં આવતા વેસ્ટ ઉપર એક ટકા સેસ લાગૂ કરવાની પણ સરકારની તૈયારી છે. સર્વિસ ટેક્સમાં ૦.૫ ટકા વધારાની હિલચાલ છે. સ્વચ્છ ભારતને લઈને સરકાર બજેટમાં કેટલાક

પગલા જાહેર કરી શકે છે જેના ભાગરુપે લાંબા ગાળાના ટેક્સ ફ્રી સ્વચ્છ ભારત બોન્ડની જાહેરાત કરવામાં આવી શકે છે. નરેન્દ્ર મોદીના મહત્વકાંક્ષી સ્વચ્છ ભારત અભિયાનમાં વધુ નાણાં ઉમેરવાની તૈયારી કરી લેવાઈ છે જેના લીધે સામાન્ય લોકોને વધારે નાણા ચુકવવા પડી શકે છે. સ્વચ્છ ભારત મિશન પર વધુ સેસની ગણતરી છે. આ મિશનના ભાગરુપે ઓક્ટોબર ૨૦૧૯ સુધી ૨.૨૩ લાખ કરોડના રોકાણની જરૂર રહેલી છે. બીજી ઓક્ટોબર ૨૦૧૪ના દિવસે આ મિશનની શરૂઆત કરાયા બાદ વધુ નાણાં ઉભા કરવામાં આવનાર છે. સ્વચ્છ ભારત સેસ કરવેરા પાત્ર સેવા ઉપર ૧૫મી નવેમ્બરથી સરકારે ૦.૫ ટકા લાગૂ કર્યો હતો. હવે તેમાં વધુ વધારો કરવામાં આવી શકે છે. સરકાર વધુ સંશાધનો ઉભા કરવાના વિકલ્પો ચકાસી રહી છે.

કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલી ફેબ્રુઆરીના અંતમાં સામાન્ય

● અનુસંધાન પાન-૭ પર

# સાતમાં વેતન પંચની ભલામણોને મોકૂફ રાખવાની સંભાવના



**બજેટમાં પ્રધાનમંત્રી કૃષિ યોજના સહિતના કાર્યક્રમમાં વધુ ફાળવણી : જેટલી ફિસ્કલ રોડ મેપને જાળવી રાખવા માટે ઈચ્છુક છે : વેતન પંચની ભલામણો અમલી બનશે તો ૧.૦૨ લાખ કરોડનો બોજ પડશે**

નવી દિલ્હી,તા. ૨૧

કેન્દ્રિય બજેટ ૨૦૧૬-૧૭ને રજૂ કરવા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે નાણાં પ્રદાન જેટલી જેટલી તમામ સંબંધિતો સાથે વાતચીતમાં લાગેલા છે. અભિપ્રાય લેવામાં આવી રહ્યા છે. મોદી સરકારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ નાણાંકીય રૂપરેખા વિવિધ સેક્ટર માટે રજૂ કરનાર છે. ફિસ્કલ રોડમેપ જાળવી રાખવાને લઈને જેટલી આશાવાદી બનેલા છે. બજેટ આડે ૪૦ દિવસનો સમય રહ્યો છે ત્યારે વધારાના ખર્ચને પહોંચી વળવા માટે પણ નીતિ તૈયાર કરી છે. સાતમાં વેતન પંચની ભલામણોના અમલીકરણ અને વન રેંક વન

● અનુસંધાન પાન-૭ પર

# ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડાથી બજારો ચિંતાતુર

**મંદી અકબંધ રહી : સેન્સેક્સ ૨૪ હજારથી પણ નીચે રહ્યો**
**સેંસેક્સ ૧૦૦ પોઈન્ટ ઘટી ૨૩૯૬૨ની સપાટીએ રહ્યો**



મુંબઈ,તા. ૨૧

શેરબજારમાં આજે પણ તીવ્ર મંદીનુ મોજુ રહ્યુ હતુ. ભારે ઉથલપાથલ દિવસ દરમિયાન રહ્યા બાદ સેન્સેક્સ આજે કારોબારના અંતે ૧૦૦ પોઈન્ટ ઘટીને ૨૩૯૬૨ની નીચી સપાટી પર રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૨ પોઈન્ટ ઘટીને ૭૨૭૬ની નીચી સપાટી પર રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સ મે ૨૦૧૪ બાદથી પ્રથમ વખત ૨૪૦૦૦થી પણ નીચી સપાટી

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભાનુ બજેટ સત્ર ૨૨મી ફેબ્રુઆરીથી

**૨૨મીએ રાજ્યપાલ ગૃહને સંબોધન કરશે : ૨૩મીએ નાણામંત્રી સૌરભ પટેલ બજેટ રજૂ કરશે**

અમદાવાદ,તા. ૨૧

જેની રાજકીય વર્તુળોમાં રાજ જોવામાં આવી રહી હતી તે ૧૩મી ગુજરાત વિધાનસભાનુ આઠમુ સત્ર ૨૨મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યુ છે. આ સત્ર તોફાની બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બજેટ સત્ર દરમિયાન કેટલાક મુદ્દા પર ચર્ચા કરવામાં આવે તેવી શક્યતા છે. નાણામંત્રી સૌરભ પટેલ ૨૩મી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરશે. બજેટ સત્ર ૩૧મી માર્ચ સુધી ચાલનાર છે. ૨૨મી ફેબ્રુઆરીના દિવસે રાજ્યપાલ ગૃહને સંબોધન કરનાર છે. ત્યારબાદ પ્રથમ બેઠક મળશે. જેમાં સ્વર્ગસ્થ ધારાસભ્યોને અંજલિ આપવામા આવનાર છે. ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના કાર્યક્રમ દરમિયાન નાણાં પ્રદાન સૌરભ પટેલ બજેટ રજૂ કરનાર છે. જેના ભાગરૂપે વર્ષ ૨૦૦૩થી ૨૦૦૭ દરમિયાનના વર્ષોના વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત કરવામાં આવનાર છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૫-૧૬ના ખર્ચના પુરક પત્રકની રજૂઆત કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષના અંદાજપત્રની રજૂઆત કરશે. બજેટ સત્ર દરમિયાન રાજ્યપાલના સંબોધન બદલ આબાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવનાર છે. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા -૪ દિવસ ચાલનાર છે. ત્યારબાદ માંગણી પર ચર્ચા અને મતદાન કરવામાંઆવશે. ૧૨ દિવસ

● અનુસંધાન પાન-૭ પર



**શહેરમાં ભારે ટ્રાફીક** - શહેરના ચ-૩ વિસ્તારમાં સવાર-સાંજ ટ્રાફીકજામના દશ્યો નજરે પડે છે... સવારે કચેરી સમય ૧૦ થી ૧૧ અને સાંજે ૫ થી ૭ ભારે ટ્રાફીક અનુભવાય છે... ગાંધીનગરની આવતીકાલના એક દાયકા બાદની સ્થિતિનો વિચાર આજે કરવો જોઈએ... આવનારા દિવસોમાં ટ્રાફીક સીગ્નલ અને ઓવરબ્રીજનું આયોજન ઝડપી બનાવવું જોઈએ એમ આ તસવીર આગાહી કરે છે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# ગાંધીનગરમાં આજથી સ્પીકર્સ કોન્ફરન્સ

**લોકશાહીના ધબકારાની ચોથી પૂરવણીનું વિમોચન કરાશે, બે વિષયો પર ‘‘ઈન કેમેરા’’ વિચાર મંથન થશે : ગણપતભાઈ**

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત રાજ્યની સ્થાપના બાદ ૨૪ વર્ષ પછી રાજ્યમાં ત્રીજીવાર સ્પીકર્સ કોન્ફરન્સ યોજાઈ રહી છે. બે દિવસીય આ કોન્ફરન્સમાં ઈનકેમેરા ચર્ચાઓ ચાલશે. આ કોન્ફરન્સના વિષયો સ્ટેન્ડીંગ કમિટી દ્વારા પસંદ કરવામાં આવ્યા છે.

વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવાએ ઉપરોક્ત વિગતો આજે પત્રકારો સાથેની વાતચીતમાં આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ સ્પીકર્સ કોન્ફરન્સના પ્રસંગે લોકશાહીના ધબકારાની ચોથી પૂરવણીનું પણ વિમોચન કરાશે. આ કોન્ફરન્સને લોકસભાના અધ્યક્ષા સુમિત્રા મહાજન ખુલ્લી મુકશે. આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ તથા રાજ્યના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી પણ વિશેષ ઉપસ્થિત રહેશે. આ પૂર્વે સંવિધાન અંગેના એક વિશેષ પ્રદર્શનને પણ આ મહાનુભાવો દ્વારા ખુલ્લુ મુકવામાં આવશે.

આ પત્રકાર પરિષદમાં ઉપાધ્યક્ષશ્રી આત્મારામભાઈ

● અનુસંધાન પાન-૭ પર

# જાણીતા નૃત્યાંગના મૃણાલિની સારાભાઈનું દુઃખદ અવસાન

**જાણીતા વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના પત્ની અને મલ્લિકા સારાભાઈના માતૃશ્રીનું અવસાન : રાજયપાલ, મુખ્યમંત્રી સહિત તમામ આગેવાનોની શ્રદ્ધાંજલિ**

અમદાવાદ, તા.૧૦

દેશના ખ્યાતનામ વૈજ્ઞાનિક સ્વ. વિક્રમ સારાભાઈના પત્નિ તથા અભિનેત્રી મલ્લિકા સારાભાઈના માતૃશ્રી તેમજ પદ્મશ્રી તેમજ પદ્મભૂષણ જેવા એવોર્ડથી સન્માનિત જાણિતા નૃત્યાંગની મૃણાલિની સારાભાઈનું આજે ૯૮ વર્ષની વયે અવસાન થયું હતું. તેમને ગઈકાલે તેમને અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સેવારે તેમનું નિધન થયું હોવાનું જાણવા મળે છે. મૃણાલિની સારાભાઈ ભારત નાટ્યમ અને કથ્થકલી નૃત્યમાં પારંગત હતા. તેમણે અમદાવાદમાં દર્પણ એકેડેમી ઓફર પરફોર્મિંગ આર્ટ નામની સંસ્થા સ્થાપી હતી. જેમાં સેંકડો કલાકારો નૃત્યની તાલીમ મેળવી રહ્યા છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સહિત અનેક આગેવાનોએ મૃણાલિ સારાભાઈના અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિ પાઠવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મૃણાલિની સારાભાઈએ ૧૯૬૫માં પદ્મશ્રી એવોર્ડ, ૧૯૯૧માં પંડિત ઓમકાર ઠાકુર એવોર્ડ તથા ૧૯૯૨માં પદ્મભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અમદાવાદમાં તેણે ૧૯૪૯માં દર્પણ એકેડેમીની સ્થાપના કરી હતી. ૧૧મી મીએ ૧૯૧૮ના રોજ જન્મેલા મૃણાલિની સારાભાઈના લગ્ન દેશના ખ્યાતનામ વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈ સાથે થતાં તેઓ અમદાવાદમાં જ સ્થાયી થયા હતા. તેમના આજે સાંજે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા જેમાં



મોટી સંખ્યામાં સમર્થકો અને આગેવાનો જોડાયા હતા. છેલ્લા કેટલાક સમયથી તેઓ બિમાર હતા. ગાંધીનગરના પેથાપુર ખાતે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. દરમિયાન ભાજપ પ્રદેશ અધ્યક્ષ ફળદુએ નૃત્યાંગના અને રંગભુમિ સાથે સંકળાયેલા મૃણાલિની સારાભાઈને શ્રદ્ધાંજલિ આપીને ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી હતી. મૃણાલિનીએ વિશ્વભરના હજારો વિદ્યાર્થીઓને ભરતનાટ્યમ અને કથ્થકલી નૃત્યની તાલીમ આપી હતી.

# ગાંધીનગર સહિત રાજ્યમાં ઠંડીનું મોજુ

અમદાવાદ,તા. ૨૧

ગાંધીનગર સહિત રાજ્યમાં ફરીએકવાર ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઉત્તર ભારત સહિત સમગ્ર દેશમાં ઠંડીનો બીજો તબક્કો શરૂ થઈ ગયો છે. હવે ફરી એકવાર રાજ્યના વિવિધ ભાગોમાં આજે કડકડતી ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. નલિયામાં લઘુત્તમ તાપમાન આજે ઘટીને ૫.૪ ડિગ્રી જ્યારે ગાંધીનગરમાં ૮.૮ ડિગ્રી નોંધાયું હતુ. સમગ્ર રાજ્યમાં હજુ ઠંડી વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આજે અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૦.૭ ડિગ્રી રહ્યુ હતુ. અમદાવાદ સહિત રાજયભરમાં ફરી એકવાર તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ફરીએકવાર ઘટીને ૧૦.૭ ડિગ્રી થઈ ગઈ હતુ. જે ગઈકાલે ૧૨.૫ ડિગ્રી નોંધાયું હતું . અમદાવાદ શહેરમાં હાલમાં ઠંડી અને ગરમી એમ બે સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે ત્યારે આજે એકાએક ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. સવારે જોરદાર ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. ખાસ કરીને સવારે સાત વાગ્યા પહેલા તીવ્ર ઠંડી જોવા મળી હતી.

**જોઈએ છે**
● મેડીકલ ઓફીસર
● રીસેપ્શનીસ્ટ
- કોન્ટેક્ટ -
૯૮૨૪૪ ૪૫૯૭૫
૯૪૨૭૭ ૦૩૯૩૯

**હોટલ પથિકાશ્રમ**
**પાર્ટી પ્લોટ**
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

સિદ્ધિ, સફળતા અને સ્વાસ્થ્યની પ્રાપ્તીનો અમૂલ્ય અવસર
Rudralife® Empowering Lives Since 2001 Presents...
૧૮મો ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ
10:00 am to 9:00 pm
સૌ પ્રથમવાર માત્ર મહોત્સવ માટે જ ખાસ આકર્ષક કિંમતો
સ્વાસ્થ્ય બંધ (સ્વાસ્થ્ય માટે)
દુર્ગા શકિત (કાર્યરત મહિલાઓ માટે)
સરસ્વતિ બંધ (વિદ્યાર્થીઓ માટે)
સૂર્ય શકિત (નામ અને સફળતા માટે)
સિદ્ધ માળા (મહત્વકાંક્ષી લોકો માટે)
અજના ચક્ર (નિર્ણયશક્તિ અને સફળતા માટે)
ગાંધીનગર પથીકાશ્રમ, કોર્પોરેટ હોલ, સેક્ટર-૧૧, 20 to 24 જાન્યુઆરી 09619990717
મહેસાણા તોરણવાળી માતા મંદિર, સ્ટેશન રોડ 21થી 25 જાન્યુઆરી 09322791218
રૂદ્રલાઈફ એ ISO 9001 : 2008 પ્રમાણીત પ્રયોગશાળામાં પરીક્ષણ કરીને અસલી અને ગુણવત્તાવાળા રૂદ્રાક્ષ પ્રદાન કરાવતી એકમાત્ર સંસ્થા છે.